# સેવાનો પ્રકાશ ફેલાવો

– પરબતકુમાર કે. નાયી

એક સુંદર મજાનું ગામ. ગામનું નામ સેવાપુર. ગામમાં બધા લોકો હળીમળીને રહે. ગામમાં બધા લોકોમાં ભારે સંપ. ગામમાં એકને દુઃખ પડે તો બધા ગામલોકો મદદ માટે દોડી આવે. કોઈને આનંદનો અવસર હોય તો ભેગા મળી ઉજાણી કરે. ગામમાં સેવકલાલ નામે એક ભાઈ રહે. જેવું નામ એવા ગુણ. નામ સેવકલાલ, કામ પણ સેવાનું કરે ! સેવા કરતાં કંટાળે નહિ. કોઈને મદદ કરવાનું કામ તો સેવકલાલનું. કોઈને તાવ આવ્યો તો સેવકલાલ તરત જ ઊપડે ડૉક્ટર બોલાવે.....દવા કરાવે.....શું ખાવું ? શું ન ખાવું ? એવી બધી વાતો પૂછીને ડૉક્ટરને મૂકવા પણ સેવકલાલ જ જાય !

ગામમાં બધા લોકો સેવકલાલનો આદર કરે ! સેવકલાલનું બહુ માન ! સેવકલાલ સમય વીતતો જાય એમ સેવા કરતા જાય ! સેવકલાલને એક મિત્ર જીવાલાલ. જીવાલાલ એ મોચીનો ધંધો કરે. બૂટ સીવે....પોલિશ કરે....બહુ જ ભલો માણસ જીવાલાલ....

એકવાર સૌ ગામલોકોએ નક્કી કર્યું કે સેવકલાલને સરપંચ બનાવીએ....ચૂંટણી આવી. સૌ લોકોએ સેવકલાલને સરપંચ બનાવ્યા. સેવકલાલને પણ મનમાં આનંદ થયો. ગામલોકોએ મારી સેવાની કદર કરી ખરી ! સેવકલાલ સરપંચ થયા તોય સેવામાં ફરક ના પડયો. દોડી–દોડીને સૌનાં કામ કરે ! પણ, સેવકલાલને મનમાં અભિમાન થયું કે આ ગામમાં મારા જેવો સેવા કરનારો કોઈ નહિ ! હું આ ગામનો સૌથી સમજુ માણસ ! મારા વિના ગામને જરાય ન ચાલે. મારા જેવી સેવા કોઈ ન કરે !

એકવાર સેવકલાલને બહારગામ જવાનું થયું. સેવકલાલને થયું હવે તો સરપંચ થયા. નવાં કપડાં–નવા બૂટ પહેરીને જઈએ તો થોડો વટ પડી જાય. સેવકલાલ નવાં કપડાં સીવડાવી લાવ્યા. બૂટ તો નવાં જ હતા. છતાંય થોડી પૉલિશ કરાવી લઉં એમ વિચારીને મિત્ર જીવાલાલ મોચી પાસે પહોંચી ગયા. જીવાલાલ પણ ખુશ થઈ ગયા ! સેવકલાલે કહ્યું ‘મને જલદીથી આ બૂટ પોલિશ કરી થોડા સીવી આપો ને ’

‘હા હા પણ થોડી વાર લાગશે.’ જીવાલાલે કહ્યું.

‘કેમ ?’

‘મારે આ પાંચ જોડી બૂટ સીવવાનાં છે. આ કામ પહેલાં કરવું પડશે, પછી તમારાં બૂટને પોલિશ કરી દઉં’ જીવાલાલ બોલ્યા.



સેવકલાલ તો ગુસ્સે થઈ ગયા અને જીવાલાલને કહેવા લાગ્યા ‘મારે કેટલું મહત્ત્વનું કામ છે ? તમને શું ખબર પડે ? મારે હાલ જ બૂટને પૉલિશ કરાવવી છે ! હું કેટલી સેવા કરું છું ? તમને કદર નથી !’

જીવાલાલ શાંતિથી બોલ્યા ‘જુઓ ભાઈ તમે ગામનો વહીવટ ચલાવો છો અને હું જૂનાં જોડા સીવું છું પણ એથી તમે કાંઈ મોટા નથી બની જતા. તમને મારી પેઠે જોડા સીવતાં ક્યાં આવડે છે ? હું ય તમારા જેવો માણસ છું. સેવકલાલ સેવાનો પ્રકાશ ફેલાવો ભલે, પણ અભિમાનનું અંધારું ભગાવો’.

આ વાત સાંભળી સેવકલાલની આંખો ઊઘડી ગઈ. સેવકલાલે જીવાલાલની માફી માગી અને ફરી આવી રીતે અભિમાન નહિ કરું એવી ખાતરી આપી.

(સાભાર : બાલસૃષ્ટિ, સપ્ટેમ્બર – ૨૦૧૫)